| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **Gujarat Pranam** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **07/09/2023** |
| **PAGE:** | **1** |

# પિરુઝ ખંભાતાએ ઈડીઆઈઆઈના ડો. વી.જી. પટેલ મેમિરિયલ લેક્ચર સિરિઝનું પાંચમું વ્યાખ્યાન આપ્યું



અમદાવાદ, ૬ સપ્ટેમ્બર, ૨૦૨૩: જાણીતા ઉદ્યોગસાહસિક અને રસના બ્રાન્ડના સર્વેસર્વા પીરુઝ ખંભાતાએ આજે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદ દ્વારા આયોજિત વાર્ષિક ડૉ. વીજી પટેલ મેમોરિયલ લેક્ચર આપ્યું હતું.

આ સિરિઝમાં પાંચમું વ્યાખ્યાન, ઈડીઆઈઆઈ કેમ્પસ ખાતે યોજાયું હતું. જેનો વિષય 'આંત્રપ્રિન્યોર: અ નેશન બિલ્ડર' હતો. ઈડીઆઈઆઈના સ્થાપક પદ્મશ્રી ડૉ. વી.જી. પટેલનું અવસાન ૪ એપ્રિલ, ૨૦૧૯ના રોજ થયું હતું. ડૉ. પટેલના ઉદ્યમશીલતાના ક્ષેત્રમાં કરેલા મહાન કાર્યની સ્મૃતિમાં, સંસ્થાએ ૨૦૧૯માં વાર્ષિક વ્યાખ્યાન શ્રેણી શરૂ કરી હતી. જે આંત્રપ્રિન્યોરને એકજૂટ કરનારા 'આંત્રપ્રિન્યોરશિપના પ્રણેતા' તરીકે ઓળખાય છે. ડૉ. વી.જી. પટેલે ભારતમાં અને વૈશ્વિક સ્તરે ઉદ્યોગસાહસિકતાનો પ્રચાર કરવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી. તેઓ સમગ્ર ભારતમાં તેમની માન્યતાની વિશ્વસનીયતા સ્થાપિત કરવામાં સફળ થવા ઉપરાંત, ૧૯૮૩માં નેશનલ રિસોર્સ ઈન્સ્ટિટટ્યૂટ, ઈડીઆઈઆઈની સ્થાપના પણ કરી હતી.

ડૉ. સુનિલ શુક્લાએ સ્વર્ગસ્થ ડૉ. વી.જી. પટેલને શ્રધ્ધાંજલિ અર્પણ કરી, ઉદ્યોગસાહસિકતાના કોન્સેપ્ટની રજૂઆત અને પ્રોત્સાહન આપતાં રાષ્ટ્રના આર્થિક વિકાસમાં ડૉ. પટેલના અનેરા યોગદાનને યાદ કર્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, "આંત્રપ્રિન્યોરશિપે એક લાંબી મંજિલ કાપી છે. જેમાં તેને કારકિર્દીના વિકલ્પ તરીકે અપનાવવામાં મુંઝવણથી માંડી આજે એક મજબૂત વિકાસના સાધન તરીકે અપનાવવા સુધીની લાંબી મુસાફરી કરી છે. હું ડો. વી.જી. પટેલ દ્વારા માર્ગદર્શન મેળવીને આ ચળવળનો ભાગ બનીને ખુશ છું. આજે દેશ અર્થતંત્ર, રાષ્ટ્ર અને તેના લોકોને થતા ફાયદાઓને ધ્યાનમાં રાખીને ઉદ્યોગસાહસિકો અને ઉદ્યોગસાહસિકતા પર ભાર મૂકવામાં આવ્યો છે. મને આનંદ છે કે આ સેગમેન્ટને મોટાપાયે માન્યતા મળી છે, અને ઈડીઆઈઆઈ વિશાળ પ્રમાણમાં ઉદ્યોગસાહસિકતા દ્વારા વૃદ્ધિની આ પ્રક્રિયામાં અર્થપૂર્ણ યોગદાન આપી રહ્યું છે.''